<u>ક્રિમીનલ કેસ નંબર : 64163/2017</u>

## <u>આંક :૧ લગત હુકમ</u>

## <u>કેસનો પ્રકાર :- ધી ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ-૬૬(૧)(બી)/ ૬૫(એ)(એ), ૧૧૬(બી)</u>

(૧) સદર કામે કેસનું પ્રોસીડીંગ ધ્યાને લેતાં આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ-૬૬(૧) (બી), ૬૫(એ)(એ), ૧૧૬(બી) બીનપ્રોફેશનલ માઈનોર કવોન્ટીટી લીકર કબજાનો કેસ છે.

કેસોના ઝડપી નિકાલ તથા પુન: મુલ્યાંકન સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા ''ડેડવુડ'' પ્રકારના કેસોનો નિકાલ કરવાની કામગીરી સબંધે આદેશો કરવામા આવેલ છે. જે અનુસંધાને હાલના આ કેસની રેકર્ડની હકીકતો જોતા આ કામે આરોપી/આરોપીઓ ઉપર વોરંટો બજતા નથી. આરોપી/આરોપીઓ ઉપર વારંવાર આ અદાલત તરફથી પ્રોસેસ કાઢવામાં આવેલ છે, જે બજે કે વગર બજે પણ પરત આવેલ નથી. જે સબંધે અદાલત તરફથી અવારનવાર પોલીસ એજન્સીને અન્ય કેસોમા પણ ખુલાસા પુછવામા આવેલ છે. જે સબંધે પોલીસ એજન્સી ધ્વારા પણ બજવણી થઈ શકે તેમ ન હોવાની હકીકતો જણાવેલ છે. ફરીયાદપક્ષ આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી.

સદર કામે કેસોનો ભરાવો જોતાં હાલનો કેસ પેટી ઓફેન્સમાં પડતો હોય અને ગંભીર પ્રકારનો ગુનો ન હોય અને આરોપીની હાજરી પ્રોશીકયુશન ધ્વારા સુનીશ્ચીત થતી ન હોય અને આરોપીના કોઈ વેરએબાઉટ ચોકકસ મળી આવતા નથી.

જે સબંધે નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો <u>Mulchand Motilal Raka v The State of Maharashtra & Anr. 1996(2) Crimes 177 (Bom)</u> ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે, Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certainsituations, <u>where the presence of accused persons cannot be secured</u> or presence of any important witness cannot be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or other as herein above stated, <u>in such situation it would be open to the Magistrate to stop</u>

further proceedings of the case. Section 258 of the Code can be resorted to where the special or unusual circumstances exist, such as non–appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way.

નામદાર સર્વોચ્ચ અદાલતે AIR 2012 SC 3217 Hon'ble Judges:H.L.Dattu and Chandramauli Kr.Prasad JJ. Ranjan Dwivedi Versus C.B.I., Through Th4e Director General with Ac. Sudevananda Avadhuta Versus C.B.I., Through The Director General ના ચુકાદામા ઠરાવેલ છે કે ક્રિમીનલ કોર્ટોએ ઉચિત કેસોમા ક્રિ.પ્રો. કોડ ક. ૨૫૮, ૩૦૯, ૩૧૧ ના પાવર્સ ન્યાયના હીતમા વાપરવા જોઈએ, જેમા નામદાર એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે કે, The criminal courts should exercise their available powers, such as those under Sections 309, 311 and 258 of the Code of Criminal Procedure to effectuate the right to speedy trial. A watchful and diligent trial Judge can prove to be a better protector of such right than any guidelines. In appropriate cases, jurisdiction of the High Court under Section 482 CrPC and Articles 226 and 227 of the Constitution can be invoked seeking appropriate relief or suitable directions as per procedure under the Code, the provisions of section 258 of Code can be resorted to.

આ જ સબંધે નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો State of M.P., Appellant v. Kalu Thawar and another, Respondents. ધ્યાને લેતા તેમા ડિવિઝન બેન્ચે ઠરાવેલ છે કે Police must always remember that it has a duty to the Court and they cannot lust send a challan and think that the rest will be done by the court.

(૨) વધુમાં ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૦ ની જોગવાઈ પણ વાંચવી ખૂબ આવશ્યક છે જે નીચે મુજબ છે.

Section 170 : Cases to be sent to Magistrate when evidence is sufficient.

(1) If, upon an investigation under this Chapter, it appears to the officer in charge of the police station that there is sufficient evidence or

reasonable ground as aforesaid, such officer shall forward the accused under custody to a Magistrate empowered to take cognizance of the offence upon a police report and to try the accused or commit him for trial, or, if the offence is bailable and the accused is able to give security, shall take security from him for his appearance before such Magistrate on a day fixed and for his attendance from day to day before such Magistrate until otherwise directed.

આ કલમમાં એવું સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે જ્યારે તપાસ કરનાર અમલદારને તેની તપાસ પૂરી થાય અને આરોપી સામે પૂરતો પુરાવો છે તેવું જણાય ત્યારે તપાસ કરનારા અમલદારે આરોપીને સાથે રાખીને કોર્ટમાં રજૂ કરવાનો હોય છે અહીં પોલીસ દ્વારા ચાર્જશીટ રજૂ કરવામાં આવી પરંતુ આરોપીની કોર્ટ સમક્ષ હાજર રાખવામાં આવ્યો નથી અને આરોપીને હાજર રાખવા માટે વારંવાર પ્રોસેસ ઈશ્યુ કરવા છતાં આરોપીને તપાસ કરનાર અમલદાર હાજર રાખી શક્યા નથી. આમ સી.આર.પી.સી. કલમ– ૧૭૦ મુજબનું પણ પાલન કરવામાં આવ્યું નથી.

(૩) વધુમાં અત્રે પ્રોહિબિશન એક્ટની કલમ – ૧૧૬(બી) વાંચવી જરૂરી છે જે નીચે મુજબ છે.

116–B. Where in any trial for any offence of unlawful possession of liquor under this Act, it is proved that the accused person was in the possession of any sealed bottle bearing the original label indicating the name of any known brand of spirits, such as whisky, brandy, rum, gin, club cup, liqueurs, miik punch, or of wines such as champagne, moselle, burgundy, chianti, white wines, clarets, hocks, riesling, meceira, ginger–wine, port type, port vermouth, sherry wincarnis, vibrona, manola, buckfast, tonic–wine or of fermented liquors such as ale, beer, milk–stout (porter), cidar, and the name of its manufacturer it shall be presumed that the accused person was in possession of liquor.

આ કલમ જોતા એ વાત ખૂબ જ સ્પષ્ટ છે કે જ્યારે બ્રાન્ડેડ દારૂ મળી આવ્યો હોય તો તે વખતે શીલ બંધ બોટલને ન્યાયિક લેબોરેટરીમાં તપાસ કરવા માટે મોકલવાની કોઈ

જરૂરિયાત રહેતી નથી, સિવાય કે તે જાણીતી બ્રાન્ડ હોય અને મળી આવેલો દારૂ કોના દ્વારા મેન્યુફેક્ચર કરવામાં આવ્યો છે તેનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હોય.

અહીં હાથ ઉપરના કેસમાં જે ફરિયાદ દાખલ કરવામાં આવી છે તે જોવામાં આવે તો તેમાં દારૂ કઈ બ્રાન્ડનો છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ ફરિયાદમાં કર્યો છે પરંતુ આ દારૂ કોના દ્વારા મેન્યુફેક્ચર કરવામાં આવ્યો છે તેનો કોઈ જ ઉલ્લેખ ફરિયાદમાં નથી. તેથી પ્રોહીબિશન એક્ટની કલમ 116–બી માં જે અનુમાન છે તેનો લાભ ફરિયાદ પક્ષને પ્રથમ દર્શને મળી શકે તેમ નથી. તે સંજોગોમાં જે દારૂ મળી આવ્યો અને જે ફરિયાદ પક્ષના કેસ પ્રમાણે વિદેશી દારૂ કે ઇંગ્લિશ દારૂ હતો તો તેનું ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં પૃથ્થકરણ કરાવવું કલમ–૧૧૬(સી) પ્રમાણે આવશ્યક હતું. પરંતુ આ રીતેનું કોઈ જ પૃથ્થકરણ તપાસ કરનારા અમલદારે તપાસ દરમિયાન કરાવ્યું નથી.

આમ, આરોપી પાસેથી મળી આવેલું પ્રવાહી પ્રોહીબીટેડ એટલે કે દારૂ હતો તેવું દર્શાવવા માટે ફોરેન્સિક તપાસ થવી જરૂરી હતી પરંતુ તે બાબતનો કોઈ પણ દસ્તાવેજી પુરાવો પોલીસ દ્વારા રજૂ કરેલા ચાર્જશીટ સાથે સામેલ રાખેલો નથી. તે સંજોગોમાં આરોપી મળી આવે તો પણ આરોપી સામે તહોમતનામુ ફરમાવી શકાય તેટલો પર્યાપ્ત પુરાવો નથી.

(૪). આ તબક્કે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ 239 વાંચવી જરૂરી છે જે નીચે મુજબ છે.

239. When accused shall be discharged.—If, upon considering the police report and the documents sent with it under section 173 and making such examination, if any, of the accused as the Magistrate thinks necessary and after giving the prosecution and the accused an opportunity of being heard, the Magistrate considers the charge against the accused to be groundless, he shall discharge the accused, and record his reasons for so doing.

(૫). વધુમાં એક એવો સંજોગ પણ ધ્યાન પર આવ્યો છે કે જે ફરીયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન કરે. આ કેસનું રેકોર્ડ જેને લેતા આરોપી સામે એવો આરોપ છે કે તેના કબજા માંથી દારૂ મળી આવ્યો. પોલીસ દ્વારા આ કેસની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદ પક્ષના કેસ પ્રમાણે આ કેસમાં આરોપી જ્યાં મળી આવ્યો ત્યાં પ્રથમ પંચનામું કરવામાં આવ્યું અને ત્યારબાદ પોલીસ દ્વારા આ કેસની ફરિયાદ નોંધવામાં આવી પરંતુ ફરિયાદમાં ક્યાંય પણ પંચોના નામ લખવામાં આવેલા નથી સામાન્ય રીતે જ્યારે પંચનામું પ્રથમ થયું હોય અને ફરિયાદ પછીથી દાખલ કરવામાં આવી હોય ત્યારે ફરિયાદ દાખલ કરતી વખતે પંચોના નામ ફરિયાદ આપનારને ખબર જ

હોય તેમ છતાં પંચોના નામ ફરિયાદમાં લખ્યા નથી. જે ફરીયાદપક્ષ ના કેસ ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન કરે છે. આમ, જયારે એવી પ્રબળ સંભાવના ઉત્પન્ન થતી હોય કે જે આરોપી નિર્દોષ હોવા તરફ પ્રેરતી હોય તો તેનો લાભ આરોપીને મળી શકે. તેથી પણ આરોપીને કલમ–૨૩૯ સીઆરપીસી મુજબ ડીસ્ચાર્જ કરવા જોઈએ તેમ માનુ છું.

ઉપરોક્ત દર્શાવેલા કારણોસર આરોપી સામે આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી માં તહોમતનામુ ઘડવા જેટલો પુરાવો ન હોય તથા ફરિયાદ પક્ષ આરોપીને હાજર રાખવામાં પણ નિષ્ફળ રહ્યા છે તે સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**:: આખરી હુકમ ::**

- આ કામના આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે કબજે લીધેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

અમદાવાદ.
તા. ૯/૦૩/૨૦૨૪

**V. G. Rana**
**Additional Chief Metropolitan Magistrate,**
**Court No.**23. **GJ**00964